RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 68, Dt.30-05-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI



# માળીયા(મી)માં પડતર બંધ મકાનમાંથી વિદેશી દારૂ-બીયરનો ૮.૯૫ લાખનો જંગી જથ્થો પકડાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ક્રાઇમ બ્રાંચે પૂર્વ બાતમીને આધારે માળીયા(મી) ખાતે આવેલ આરોપીના પડતર બંધ મકાનમાં દરોડો પાડી વિદેશી દારૂ-બીયરની ૩,૯૩૬ બોટલ તથા ટીનનો જથ્થો તથા દારૂના જથ્થાની હેરાફેરી કરવા ઉપયોગમાં લેવામાં આવતી કાર સહીત ૧૩.૯૫ લાખનો મુદામાલ કબ્જે કરી પ્રોહી. હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી છે.



મોરબી એલસીબી પોલીસના હેડ કોન્સે.ચંદુભાઈ કાણોતરા, ઈશ્વરભાઈ કાલોતરા, ભરતભાઈ જીલરીયા તથા દશરથસિંહ પરમારને સંયુકતમાં ખાનગી રાહે હકિકત મળેલ કે, માળીયા મિયાણા વાગડીયા ઝાપા મેઇન બજાર જુની એસ.બી.આઇ બેંકની બાજુમાં રહેતા ફારૂકભાઇ હબીબભાઇ જામ તેના નવા બનતા મકાનની સામેના પોતાના કબજા ભોગવટા વાળા પડતર બંધ મકાનમાં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂ/બીયરનો જથ્થો ઉતારેલ છે. અને હાલે તે દારૂ/બીયરની હેરાફેરી કરે છે. જે હકીકત આધારે સ્ટાફ સાથે રેઇડ કરતા સ્થળ ઉપરથી અલગ અલગ બ્રાન્ડની દારૂ-બીયરની પેટીઓ નંગ ૨૫૨માં કુલ ૩,૯૩૬ નંગ બોટલ/ટીનનો કી.રૂ.૮,૯૫,૪૪૦/-નો જથ્થો તથા દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાતી એસ-પ્રેસસો કાર મળી કી.રૂ. ૧૩,૯૫,૪૪૦/- નો મુદામાલ મળી આવતા માળીયા(મી) પોલીસ મથકમાં પ્રોહી.ધારા તળે ગુનો નોધાવી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# વાહનો ભાડે રાખીને બારોબાર વેચી મારતા બે શખ્સ ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. પોલીસે સલાયા તથા જેતપુર તાલુકામાં રહેતા બે શખ્સો દ્વારા વાહન ભાડે ચલાવવા માટે રાખીને બારોબાર વેંચી નાખી, છેતરપિંડી કરવાના આરોપમાં ઝડપી લીધા હતા. આ શખ્સો પાસેથી પોલીસે રૂપિયા ૧૮ લાખની કિંમતની બે મોટરકાર કબ્જે લીધી હતી.આ સમગ્ર પ્રકરણની પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ, દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે સલાયા પંથકમાં વોચમાં હતા. તે દરમિયાન સલાયાના અહેમદનગર વિસ્તારમાં રહેતા અને ડ્રાઈવિંગ કામ કરતા સાહિલ ઉર્ફે નાસીર કાસમ ગજણ (ઉ.વ. ૨૫) અને રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના નવાગઢ ગામે રહેતા ઉમેદ ઉર્ફે બાવ



બાઉદ્દીન જુણેજા (ઉ.વ. ૨૮) નામના બે શખ્સોને ઝડપી લઇ અને તેઓની આગવી ઢબે પૂછપરછ કરતા આ શખ્સો દ્વારા લોકો પાસેથી વાહનો મેળવી અને છેતરપિંડી કરવા અંગેના ગુનાઓની કબુલાત આપી હતીપોલીસ દ્વારા પૂછતાછમાં સલાયાના આરોપી સાહિલ ગજણ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ તેના દ્વારા અલગ અલગ વાહન માલિકોને માસિક મોટી રકમનું ભાડું આપવાની લાલચ આપી, ચાર મારુતિ સુઝુકી ઈકો કાર તેમજ એક અર્ટીગા મોટરકાર મળી કુલ પાંચ વાહનો મેળવ્યા હતા. ત્યાર બાદ આ વાહનો તેને જેતપુર - નવાગઢ ખાતે આરોપી ઉમેદ ઉર્ફે બાવ જુણેજાને ઓછી કિંમતમાં વેચી નાખ્યા હોવાનું ખુલવા પામ્યું છે. આ પ્રકરણમાં પોલીસે રૂપિયા ૮ લાખની કિંમતની ચાર ઈકો કાર તેમજ રૂ. ૧૦ લાખની કિંમતની એક અર્ટિગા મોટરકાર મળી કુલ રૂપિયા ૧૮ લાખનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી કરી હતી.

# મોરબી શહેરમાં મારામારીના ગુનામાં છેલ્લા ૧૩ વર્ષથી ફરાર આરોપીને પેરોલ ફર્લો સ્ક્વોડે ઝડપી લીધો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડીવી. પો.સ્ટે. ના મારામારીના ગુનામાં છેલ્લા ૧૩ વર્ષથી નાસતા ફરતા રાજસ્થાન રાજયના આરોપીને મળેલ બાતમીને આધારે રફાળેશ્વર નજીકથી મોરબી પેરોલ ફર્લો સ્કવોડ દ્વારા ઝડપી લઇ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા મોરબી જીલ્લામાં નાસતા ફરતા,પેરોલ જમ્પ, જેલ ફરારી આરોપીઓને પકડી પાડવા સૂચના કરી હોય જે અનુસંધાને મોરબી જીલ્લા પોલીસની અલગ અલગ ટીમના સ્ટાફ ઉપરોક્ત કામગીરી અન્વયે પ્રયત્નશીલ હતા. દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડ ટીમને ખાનગીરાહે હકિકત મળેલ



કે, મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલા મારામારીના ગુનામાં છેલ્લા ૧૩ વર્ષથી નાસતો ફરતો આરોપી રામનિવાસ શિવરામ લોવી રાજસ્થાનવાળો હાલે મોરબી તાલુકાના રફાળેશ્વર ગામ નજીક આવેલ જે.ટી.સી.રોડ લાયન્સ ખાતે આવેલ હોવાની ચોકકસ હકિકત મળતા પેરોલ ફર્લો સ્કવોડ ટીમ તાત્કાલિક રફાળેશ્વર જે.ટી.સી.રોડ ખાતે તપાસ કરતા રામનિવાસ શિવરામ લોલ રહે. લાંબા તા.બીલાડા જી.જોધપુર રાજસ્થાનવાળો મળી આવતા આરોપીને હસ્તગત કરી પેરોલ ફર્લો સ્કવોડની કચેરી ખાતે લાવી આગળની કાર્યવાહી અર્થે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં સોંપવા તજવીજ હાથ ધરી છે.

# મોરબીમાં લિફ્ટ માંગી બાઈક તથા મોબાઈલની લૂંટ ચલાવનાર ત્રિપુટીને દબોચી લેવાઈ

## બી ડિવિઝન પોલીસે લૂંટના બનાવનો ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી લૂટારૂઓને ઝડપી લીધા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ઘૂંટુ રોડ ઉપર સીરામીક કર્મચારી પાસે બાઇકમાં અજાણ્યા ઈસમે લિફ્ટ માંગી થોડે દૂર ગયા બાદ અન્ય બાઇકમાં આવેલ લૂટારૂ ટોળકીના અન્ય બે સાગરીતો સહીત યુવકને રોકી માર મારી બાઈક, મોબાઇલ તથા રોકડની લૂંટ ચલાવી હતી જે બાબતે બી ડિવિઝન પોલીસે મથકમાં નોંધાયેલ ફરિયાદના ગણતરીના દિવસોમાં બી ડિવિઝન પોલીસે ત્રણેય લૂંટારાઓને લૂંટમાં ગયેલ બાઈક તથા મોબાઇલ સહિતના મુદામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા છે.

સમગ્ર લૂંટના બનાવની ટૂંક વિગત મુજબ મોરબીના સો ઓરડી નજીક જુના શોભેશ્વર રોડ ઉપર રહેતા અને ઉંચી માંડલ નજીક ઇવાલેક સિરામિક ફેકટરીમાં સુપરવાઈઝર તરીકે કામ કરતા ફરિયાદી હિતેન્દ્રસિંહ પ્રતાપસિંહ જાડેજા ગત તા.૧૪/૦૫ના રોજ પોતાનું બાઈક લઈ કારખાનેથી પરત ફરતા હતા ત્યારે રસ્તામાં એક અજાણ્યા માણસે મોરબી આવવું છે કહી



લિફ્ટ માંગતા હિતેન્દ્રસિંહ આ અજાણ્યા ઇસમને સાથે બેસાડ્યો હતો.બાદમાં બાઈક આગળ ચાલતા જ આ અજાણ્યા શખ્સે કોઈ વ્યક્તિને ફોન કરી આગળ આવવા કહ્યું હતું અને બાઈક જ્યારે જુના ઘુંટુ રોડ ઉપર સિમ્પોલો સીરામિક પાસે પહોચતા બાઈક પાછળ બેઠેલા હરેશ અને રવિ તેમજ અજય નામના શખ્સોએ હિતેન્દ્રસિંહનું બાઈક ઉભું રખાવી તેમને પકડી રાખી હિતેન્દ્રસિંહના ખિસ્સામાં રહેલા રોકડા રૂપીયા ૧,૨૦૦, મોબાઈલ ફોન અને બાઈકની લૂંટ ચલાવી મારકુટ કરી નાસી ગયા હતા. ત્યારે સમગ્ર લૂંટના બનાવની ફરિયાદ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે અજાણ્યા લૂંટારુ ટોળકીના સાગરીતોને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

ઉપરોક્ત બનાવની તપાસ દરમિયાન મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમને બાતમી મળેલ કે લૂંટના બનાવમાં સંડોવાયેલ આરોપીઓ લાલપર તરફથી સર્વિસ રોડ ઉપર લગધીરપૂર રોડ તરફ આવતા હોવાની બાતમી મળતા સીટી બી ડિવિઝન પોલીસની સર્વેલન્સ ટીમે વોચ ગોઠવી ત્રણ સવારી બાઇકમાં આરોપી અજયભાઈ શિહોરા ઉવ.૧૯, રવીભાઈ પનારા ઉવ.૨૩ અને હરેશભાઈ સારલા ઉવ.૨૩ ત્રણેય રહે.થાન, જીલ્લો સુરેન્દ્રનગરની અટકાવી પૂછપરછ કરતા લૂંટ કર્યાની કબૂલાત આપતા ત્રણેયને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે આરોપી હરેશ ઉર્ફે હની સારલા સહિતના ત્રણેય શખ્સો સુમસામ જગ્યાએ ઉભા રહી લિફ્ટના બહાને વાહનમાં બેસી લૂંટ ચલાવવાની ટેવ વાળા હોવાનું અને હની ઉર્ફે હરેશ વિરુદ્ધ મોરબી, સાયલા, મુળી અને મહેસાણા સહિતના પોલીસ મથકમાં લૂંટ, મારામારી, દારૂ સહિતના આઠ ગુન્હાનો ગુનાહિત ઇતિહાસ ધરાવે છે.

# મોરબી જીલ્લામાં ખાણ-ખનીજ વિભાગમાં ચાલી રહેલા ભ્રષ્ટાચાર બાબતે ઉચ્ચકક્ષાએ લેખિત રજૂઆત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં ખાણ ખનીજ વિભાગમાં ભ્રષ્ટાચાર ચાલી રહ્યો હોવાના આક્ષેપ સાથે મોરબી જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કિશોર ચિખલીયા દ્વારા ખાણ અને ખનીજ વિભાગના કમિશનરને લેખિતમાં રજૂઆત કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

લેખિત રજૂઆતમાં જણાવ્યા મુજબ મોરબી જીલ્લામાં અનેક પ્રકારના કુદરતી ખનીજ સંશાધનો આવેલા છે અને તેનું ખનન પણ ખૂબ મોટા પાયે થઈ રહ્યું છે. મોરબી જીલ્લામાં ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ, એલ.સી.બી., તાલુકા તથા જીલ્લાના પોલીસ અધિકારીઓ, એસ.ઓ.જી., તથા આર.ટી.ઓ.,



વિભાગના અધિકારીઓ સામુહિક રીતે એકબીજાની મીલીભગતથી ઘણા સમયથી મોટા પાયે ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોય તેવું સામાજિક કાર્યકર્તાઓ દ્વારા મૌખિક જણાવવામાં આવ્યું છે. આ ખાણ ખનીજ વિભાગનો ભ્રષ્ટાચાર ભાજપના રાજકીય આગેવાનોના ઈશારે બેફામ રીતે ચાલતો હોય તેવું જણાય આવે છે. તે અંગે જો તટસ્થ તપાસ કરવામાં આવે તો ઘણા અધિકારીઓ તેમજ રાજકીય આગેવાનોની ભ્રષ્ટાચારની પોલ ખુલે તેમ છે.

મોરબી જીલ્લામાં ખનીજ વિભાગના ભ્રષ્ટાચારી અધિકારીઓ દ્વારા ભ્રષ્ટાચાર આચરી સિરામિક ઝોન અને બાંધકામ ઝોન જેવા ક્ષેત્રોમાં ખનીજનો બેફામ ઉપયોગ કરી મોટા પાયે ભ્રષ્ટાચાર થઈ રહ્યા છે. તાજેત્તરમાં મોરબી જીલ્લામાં બહારના બીજા જીલ્લા અધિકારીઓ દ્વારા આ બાબતે રેડ પાડીને ભ્રષ્ટાચાર પકડી પાડવામાં આવ્યો છે. જો મોરબી જીલ્લા બહાર બીજા જીલ્લાના અધિકારીઓ દ્વારા આ બાબતે રેડ પાડીને ભ્રષ્ટાચારીઓને પકડી પાડે છે તો મોરબી જીલ્લાના અધિકારીઓ શું કરે છે ? જેવા પ્રશ્ન કરી તેની તાકીદે તપાસ કરવા માંગ કરાઈ છે.

ઉપરાંત મોરબી જીલ્લામાં ચાલતા ખાણ ખનીજ વિભાગના ભ્રષ્ટાચારમાં સરકારના અન્ય વિભાગના અધિકારીઓ, રાજકીય આગેવાનો તેમજ તેમના મળતીયાઓ સામે શા માટે કેમ કાયદેસરની કાર્યવાહી થતી નથી ? એવી શંકાઓ વ્યક્ત કરી તમામ બાબતે જવાબદારો સામે પગલા લઈ કાયદેસરની કાર્યવાહી કરવા મોરબી જીલ્લા કોંગ્રેસ દ્વારા માંગ કરવામાં આવી છે.

# જામકંડોરણા તાલુકામાં આંગણવાડી ભરતીમાં કથિત ગેરરીતિમાં અંતે તપાસ શરૂ

## મહિલા અરજદારે નિવેદનમાં જામકંડોરણા તાલુકાના ઈન્ચાર્જ CDPO અને D.P.O.ની મીલીભગત હોવાનો કર્યો ઉલ્લેખ

**મુખ્ય સમાચાર, નિલેષ સોલંકી**

**ઢાંક:** રાજકોટ જિલ્લા ના જામકંડોરણા તાલુકાના સાજડયાળી ગામ ના મહિલા અરજદારે પ્રતીક્ષા બેન કોટડીયા એ મુખ્યમંત્રી, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, આઇ.સી.ડી.એસ ના નિયામક ને લેખિત ફરિયાદ કરી ને સત્ય હકીક્ત જણાવી છે કે આંગણવાડી કાર્યકરની ભરતીમાં ખોટી રીતે ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા તે બાબતે અમો એ તમામ જવાબદાર અધિકારીઓને પુરાવાઓ સાથે ફરિયાદ કરેલ છે જેની હાલ તપાસ ચાલુ થઈ છે અને જીલ્લા કક્ષાની ગ્રીવન્સ કમિટીમાં પણ જીલ્લા પ્રોગ્રામ ઓફિસર સાવિત્રીબેન નાથજી દ્વારા અપમાનજનક શબ્દોનો પ્રયોગ કરેલો હતો અને જણાવેલ હતું કે વિભાગ પણ મને પૂછીને કામ કરે છે અને મારી મુઠ્ઠીમાં છે હું કહું તેમજ ગાંધીનગરના અધિકારીઓ કરશે.

ગોંડલ-૨ ના બાળ વિકાસ યોજના અધિકારી કોમલબેન ઠાકર દ્વારા અનીડા ગામના ત્રણ આંગણવાડી કાર્યકર બહેનો પાસે ટેક હોમ રાશનના પેકેટો બાબતે કબૂલાત નામા લખાવીને નોકરી સમાપ્ત કરેલ છે જેની પણ ઉચ્ચકક્ષાએ ફરિયાદો થયેલ છે. ગોંડલ-૨ ના બાળ વિકાસ યોજના અધિકારી જામકંડોરણા તાલુકામાં પણ ઇન્ચાર્જ તરીકે ફરજ બજાવે છે ત્યાં પણ ઘણી બધી ફરિયાદો છે માહિનામાં ફક્ત એકાદ વાર જ ચાર્જના તાલુકામાં આવે છે અને રેગ્યુલર ગોંડલ-૨ ના ઘટકમાં સવારે મોડા ફરજ પર આવે છે અને સાંજે ૫(પાંચ) વાગે ટ્રેન માં જતાં રહે છે હેડક્વાર્ટર પર રહેતા નથી રાજકોટ થી અપડાઉન કરે છે.

રાજકોટ જીલ્લા પ્રોગ્રામ ઓફિસર સાવિત્રીબેન નાથજી બાળ વિકાસ યોજના અધિકારી કોમલબેન ઠાકર સાથે અંગત ઘેરાબો ધરાવતા હોવાથી બાળ વિકાસ યોજના અધિકારી કોમલબેન ઠાકર સરકારી કચેરીને પોતાની સમજીને ચલાવે છે. રાજકોટ જીલ્લા પ્રોગ્રામ ઓફિસર સાવિત્રીબેન નાથજી શાખાની કચેરીએથી રિશેષ ના નામે દરરોજ બપોરના ૧ થી ૪ સુધી ઘરે ચાલ્યા જાય છે અને અરજદારો સાથે ગેરવર્તન કરવાની અને બફાટ કરવાની ટેવ ધરાવે છે.

અમો અરજદાર દ્વારા થોડા દિવસો પહેલા જામકંડોરણા તાલુકાનાં ઇન્ચાર્જ બાળ વિકાસ યોજના અધિકારી કોમલબેન ઠાકર અને જીલ્લા પ્રોગ્રામ ઓફિસર સાવિત્રીબેન નાથજી ને બાળકો વિહોણી આંગણવાડી વિડીયો વોટ્સેપ થી મોકલ્યો હતો તેમાં પણ કોઈ કાર્યવાહી કરેલ નથી ઊલટાનું રાજકોટ જીલ્લા પ્રોગ્રામ ઓફિસરે અમારા નંબર બ્લોક કરી દીધા હતા આ અંગે અમો દ્વારા રાજકોટ જીલ્લા વિકાસ અધિકારી સાહેબ અને વિભાગીય નાયબ નિયામક રાજકોટ જોન ને ટેલિફોન થી જાણ પણ કરી હતી.

ગોંડલ-૨ અને જામકંડોરણા ઇન્ચાર્જ બાળ વિકાસ યોજના અધિકારી કોમલબેન ઠાકર નિયમો અનુસાર ફિલ્ડવર્ક આંગણવાડીઓની મુલાકાત કરતાં નથી કારણ કે જીલ્લા પ્રોગ્રામ ઓફિસર હારે નિકટતા હોવાથી તેનું બધુ ચાલે છે. રાજકોટ જીલ્લાના આઇ.સી.ડી.એસ.ને માનવબળ પૂરું પડતાં આઉટસોર્સ એજન્સી હારે પ્રોગ્રામ ઓફિસરને સેટિંગ હોવાથી આઉટસોર્સ કર્મચારીના ખુલ્લેઆમ એજન્સી દ્વારા જુદા જુદા નામે પગાર કપાત કરી રહ્યા છે રાજકોટ જીલ્લા પ્રોગ્રામ ઓફિસર આ બધુ જાણતા હોવા છતાં આંખ આડા કાન કરી બેઠા છે.

જાણવા મળતી વિગતો મુજબ રાજકોટ જીલ્લા પ્રોગ્રામ ઓફિસર સાવિત્રીબેન નાથજી મિટિંગો દરમ્યાન બફાટ શબ્દો પ્રયોગ કરવામાં પ્રખ્યાત બની ગયા છે જો મીટીંગનો સી.સી.ટી.વી. ફૂટેજ ચકાસવામાં આવે તો ઘણું બધુ સત્ય બહાર આવી શકે તેમ છે. મહિલા અરજદાર ની આ લેખિત ફરિયાદ થઈ આવી હતી જેની તપાસ ચાલુ થઈ ને મહિલા અરજદાર નુ નિવેદન જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા લેવામા આવ્યું છે હવે ગમે ત્યારે પાપ ઘડો ફૂટે તો નવાઈ નહીં કારણ કે ભરાયેલા ઘડા ને નાની અમથી કાકરી કાફી છે.

# મોરબીમાં ખાનગી હોસ્પિટલો તથા શાળાઓ સાથે સાથે સરકારી કચેરીઓમાં પણ ફાયર સેફટી સાધનો લગાવવા જરૂરી:ગ્રાહક સુરક્ષા મંડળ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી:રાજકોટમાં અગ્નીકાંડ પછી સરકારી કામમાં ગતી આવેલ છે, ત્યારે સરકાર દ્વારા ફાયર સેફટીના સાધનો લગાવવાના નિયમ અંગે કડક કાર્યવાહી હાલ ચાલુ હોય ત્યારે દરેક ખાનગી હોસ્પીટલ તથા શાળામાં ફાયરસેફટી સાધનો વસાવવા જોય સાથે-સાથે સરકારી કચેરીઓમાં પણ અમલ થવો જરૂરી હોય જે માંગ સાથે મોરબી જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ દ્વારા મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ દ્વારા લેખિત રજુઆતમાં



જણાવ્યા અનુસાર રાજકોટમાં અગ્નીકાંડ થયાં પછી સરકારે ઝડપથી કામગીરી શરૂ કરેલ છે તે અભિનંદન પાત્ર છે. હાલે સરકારી અધિકારીઓ શાળા-ખાનગી હોસ્પીટલ, છાત્રાલય દરેક જગ્યાએ ફાયર સેફ્ટીના સાધનો માટે તાકીદ કરી રહયાં છે. પરંતુ પ્રજાનો જયાં દરરોજ ધસારો સરકારી કચેરી જેવી કે કલેકટર કચેરી -નગરપાલીકા -પોસ્ટ ઓફિસ-સેવા સદન-જાહેર લાઇબ્રેરી-શાક માર્કેટ-બેંકો તથા અન્ય કચેરીમાં માણસો કામસર આવે છે તેથી ઘણી ભીડ હોય છે. ત્યાં ફાયર સેફટીનાં સાધનો નથી ત્યાં તાત્કાલીક મુકાવીને પ્રજાને સંતોષ થવો જોય દુંઘટના કયારે બને તેનુ નકકી નથી તો આ બાબતે સરકાર તાત્કાલીક આદેશ સાથે ગ્રાન્ટ મંજુર કરે તેવી અપેક્ષા રાખે છે. તો આ બાબતે યોગ્ય કરવાની માંગ સાથે રજૂઆત કરવામાં આવી છે.

# મોરબીના મકનસર પોલીસ હેડક્વાર્ટ ખાતે આપત્તિ વ્યવસ્થાપન અંગે સેમિનાર યોજાયો

## સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજનાના ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓને ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ દ્વારા વિવિધ તાલીમ અપાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લાની સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજનાના વિદ્યાર્થીઓને સમર કેમ્પમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ મોરબી દ્વારા આપત્તિ વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મોરબી જીલ્લાની સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજનામાં એસ.પી.સી.ના જુનિયર તથા સિનિયર કેડેટના ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ માટે મકનસર ખાતેના પોલીસ હેડ ક્વાર્ટરમાં આયોજીત સમર કેમ્પમાં વિદ્યાર્થીઓને વિવિધ વિષયો પર તાલીમ આપવામાં આવી રહી છે. ત્યારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવતી તમામ પ્રવૃત્તિની માહિતી અને આપત્તિના સમયે શું કરવું અને શું ન કરવું તે અંગેની તાલીમ



ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના કન્સલ્ટન્ટ ડો. ધાર્મિક પુરોહિત દ્વારા આપવામાં આવી હતી, ઉપરાંત વિદ્યાર્થીઓને 'આપદા મિત્ર' ની કામગીરી અંગે પણ માહિતી આપી 'આપદા મિત્ર' ના કન્સેપ્ટથી વાકેફ કરવામાં આવ્યા હતા.

૧૦૮ ની કામગીરી અને તેનો ઉપયોગ, આગ લાગે ત્યારે કેવી રીતે બચાવ કામગીરી કરવી અને આ સમયગાળા દરમિયાન કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું, આગ લાગે ત્યારે ફાયર એસ્ટીન્ગ્યુશરનો ઉપયોગ કેવી રીતે કરવો તેની વિશેષ જાણકારી મોરબી ફાયર અને ઈમરજન્સી સર્વિસના જયેશભાઈએ આ સેમિનાર દરમિયાન આપી હતી. આ સેમિનારમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ મોરબીના ડીપીઓ કોમલ મહેરા, પોલીસ, ફાયર સહિતના વિભાગના કર્મચારીઓ અને સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજનાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર જિલ્લાના સોયલ અને બેડ ગામના ટોલટેક્સ પ્લાઝા પરથી પસાર થતા વાહનો માટે જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર કેન્દ્ર સરકારના વાયેબીલીટી ગેપ ફંડિંગ યોજના હેઠળ સમાવિષ્ટ એલ.એન્ડ ટી. રાજકોટ-વાડીનાર ટોલ-વે લિમિટેડને નિયત કરેલા વાહનો પાસેથી નિયત કરેલ ચાર્જ વસુલ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. જે પૈકી, જામનગર જિલ્લામાં આવેલા જામનગર તાલુકાના બેડ ગામ તથા ધ્રોલ તાલુકાના સોયલ ગામ પાસે ટોલ પ્લાઝા આવેલા છે. ઉપરોક્ત ટોલ પ્લાઝાની આજુબાજુના ગામોના લોકો કોમર્શીયલ વાહનો ધરાવે છે.

આવા વાહન ધારકો સરકારના જાહેરનામાંનો અમલ ના કરીને નિયત ટોલ ચાર્જની ચુકવણી કરતા નહી હોવાના બનાવો બનેલા છે. તેમજ ગુનેગારો ગુનાના સ્થળેથી અન્ય જિલ્લા તેમજ રાજય બહાર પણ નાસી જતા હોય છે. જિલ્લાના ટોલનાકાઓ ઉપર સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલા છે. પરંતુ, કેટલાક લોકો ટોલ પ્લાઝાના નજીકમાં આવેલી તેમની જમીનમાં થઈને વાહનોને ટોલગેઈટમાંથી પસાર થવું ન પડે તે રીતે બાયપાસ થવાની સવલત પુરી પાડે છે.તેથી આવા બનાવો નિવારી શકાય તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી.એન.ખેર, જામનગર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, જામનગર જિલ્લાના બેડ તથા સોયલ ગામ પાસે આવેલા ટોલનાકાઓ પરથી પસાર થતા ટોલટેક્સ ચુકવવાપાત્ર તમામ વાહનોના ચાલકોએ તેમનું વાહન ટોલપ્લાઝાની નિશ્ચિત જગ્યાએ થોભાવવું તથા રાજ્ય સરકારે નક્કી કરેલો ટોલ ટેક્ષની ચુકવણી બાદ તેની પહોંચ મેળવી લેવી. જો નિયમાનુસાર મુક્તિ મળવા પાત્ર હોય, તો તે અંગેનું કાર્ડ કે પાસ ટોલ પ્લાઝાના કર્મચારી, એજન્ટ કે નોકરને બતાવીને તે બાદ જ ટોલનાકુ પસાર કરવું.આ ટોલનાકાઓ નજીક આવેલી જમીનના માલિકોએ વાહનો ટોલનાકામાંથી પસાર થવાના બદલે પોતાની ખાનગી માલિકીની જમીનમાંથી બાયપાસ થઈ પસાર થઈ શકે તેવો કોઈપણ બાયપાસ પ્રકારનો રસ્તો વાહન ચાલકોને પુરો પાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર અને જાહેરનામાંઓથી જે વાહનોને ટોલટેકસ ચુકવવામાંથી મુક્તિ આપવામાં આવેલી હોય, તો તેવા વાહનચાલકોને ઉક્ત જાહેરનામાંની જોગવાઈ લાગુ પડશે નહી.ઉક્ત પ્રતિબંધાત્મક હુકમ આગામી તારીખ ૨૫/૦૭/૨૦૨૪ સુધી અમલમાં રહેશે. જાહેરનામાના કોઈપણ ખંડ અથવા હુકમનું ઉલ્લંઘન કરનારી વ્યક્તિ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ૪૫ માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

# લે કર વાત...જે જગ્યાએ વધુ આગ લાગવાની શકયતાઓ છે તેની પાસે જ ફાયર એનઓસી નથી..!

## શહેરના કુવાડવા રોડ પરના ભારત પેટ્રોલ પંપ, આન પેટ્રોલ પંપ અને જીયો પેટ્રોલ પંપને સીલ કરતી મનપા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ હોસ્પિટલ, બિલ્ડીંગ, ટયુશન કલાસીસ, મોલ અને શોપિંગ કોમ્પલેક્ષ, કોમ્યુનીટી હોલ, ઓડીટોરિયમ, સિનેમા હોલ, વોટર પાર્ક તથા અન્ય જાહેર સ્થળ તથા જ્યાં પબ્લિક એકત્ર થતી હોય તે વિસ્તારની ફાયર સેફ્ટીની ચકાસણી કરવા માટે મ્યુનિ. કમિશનર દેવાંગ દેસાઈ દ્વારા દરેક વોર્ડ દીઠ એક એક વોર્ડ કમિટીની રચના કરવામાં આવેલ છે. આ વોર્ડ કમિટી દ્વારા ઝૂંબેશના રૂપમાં ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ કામગીરી દરમ્યાન મ્યુનિ. કમિશનર દેવાંગ દેસાઈ પોતે પણ વોર્ડ નં. ૮ માં કાલાવડ રોડ પર સેન્ટ હોલી સ્કૂલ અને વોર્ડ નં. ૭મા એસ્ટ્રોન નાલા પાસે આવેલ ટોળિયા હોસ્પિટલ ખાતે ફાયર ટીમ સાથે વિઝિટ કરી હતી.



વોર્ડ નં. ૪માં કુવાડવા રોડ પર ભારત પેટ્રોલ પંપ, આન પેટ્રોલ પંપ, જીઓ પેટ્રોલ પમ્પ, અને હોટલ નોવા ફાયર એન.ઓ.સી. નહીં હોવાથી સીલ કરવામાં આવેલ છે.

વોર્ડ નં. ૧ માં મારૂતિ સુઝુકીનો પરફેકટ ઓટો શો રૂમ ફાયર એન.ઓ.સી. નહીં હોવાથી સીલ કરવામાં આવેલ છે.

વોર્ડ નં.૧૧ માં નાણા મવા રોડ પર એન.ડી. ફિટનેસ જિમ ફાયર એન.ઓ.સી. નહીં હોવાથી સીલ કરવામાં આવેલ છે.

વોર્ડ નં. ૮માં હોલી કિડ્સ સ્કૂલનો ચોથો માળ ફાયર એન.ઓ.સી. નહીં હોવાથી સીલ કરવામાં આવેલ છે.

વોર્ડ નં. ૩ માં રેલનગર રોડ પર આવેલ શ્રી આશીર્વાદ સ્કૂલ અને પ્રગતિ સ્કૂલ ફાયર એન.ઓ.સી. નહીં હોવાથી સીલ કરવામાં આવેલ છે.

વોર્ડ નં. ૧૦ માં ઊં૭ એકેડેમી ફાયર એન.ઓ.સી. નહીં હોવાથી સીલ કરવામાં આવેલ છે.

વોર્ડ નં.૧૮માં પાલવ સ્કૂલ, જ્ઞાનગંગા સ્કૂલ ફાયર એન.ઓ.સી. નહીં હોવાથી સીલ કરવામાં આવેલ છે.

વોર્ડ નં. ૬માં પેડક રોડ પર આવેલ અક્ષર પ્લાઝા કોમ્પ્લેકસ ફાયર એન.ઓ.સી. નહીં હોવાથી સીલ કરવામાં આવેલ છે.

વોર્ડ નં. ડ ઇ કિડ્સ ઝોન ફાયર એન.ઓ.સી. નહીં હોવાથી સીલ કરવામાં આવેલ છે.

મ્યુનિ. કમિશનર દેવાંગ દેસાઈએ આ બેઠક અંગે જણાવ્યું હતું કે, ઝૂંબેશના રૂપમાં હાથ ધરાયેલ આ કામગીરીમાં હોસ્પિટલ, ટ્યુશન કલાસીસ, મોલ, અને શોપીંગ કોમ્પ્લેક્ષ, કોમ્યુનીટી હોલ, ઓડીટોરિયમ, સિનેમા હોલ, સ્કુલ કોલેજ તથા અન્ય જાહેર સ્થળો કે જ્યાં પબ્લિક ભેગી થતી હોય ત્યાં ચેકિંગ કરવામાં આવશે. જે સ્થળોએ ફાયર એન.ઓ.સી. અને બિલ્ડીંગ યુઝ પરમિશન નહીં હોય તે સ્થળોને સીલ કરવામાં આવશે. આ કામગીરી ગુજરાત લાઇફ સેફ્ટી અને મેઝર્સ એકટ-૨૦૧૩ અને તે હેઠળ નિયમો-૨૦૧૪ તેમજ ફાયર સેફ્ટી રેગ્યુલેશન-૨૦૨૩ તથા ગુજરાત ટાઉન પ્લાનીંગ એકટ-૧૯૭૬ મુજબ કરવામાં આવનાર છે. નિયમ પ્રમાણેની ત્રઈઈઊ ગયઈ અને ઇઞ પરમીશન ના ધરાવતી બિલ્ડીંગોની વીજળી કનેકશન કાપવા તથા સીલીંગ કરવામાં આવશે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, હાથ ધરવામાં આવેલી આ ઝૂંબેશ દરમ્યાન વોર્ડ કમિટીના સભ્યો દ્વારા વિવિધ બાબતોની ચકાસણી કરવામાં આવનાર છે, જેમાં ફાયર ડીટેકશન સીસ્ટમ અને આલારામ સીસ્ટમ છે કે નહી ? ફાયર હાઇડ્રન્ટ સીસ્ટમ છે કે નહી ? ઈમરજન્સી એકઝીટ અને સીડી છે કે નહી ? ઈમરજન્સી લાઇટીંગ અને સાઇનેજીસ છે કે નહી ? સ્ટાફને તાલીમ આપેલ છે કે નહી ? તેની છેલ્લી તારીખ ? ફાયર ફાઇટીંગ સીસ્ટમ મેઇન્ટેન્સ થાય છે કે નહી ? બિલ્ડીંગમાં ફાયર ફાઇટીંગ વાહન આવી શકે તેમ છે કે નહી ? એસેમ્બલી પોઇન્ટ છે કે નહી ? જેવી બાબતોનો સમાવેશ થાય છે.

# સિવિલમાં મહિલાના મોત બાદ પિયર અને સાસરીયા પક્ષ વચ્ચે બઘડાટી

## તમે મારી દીકરીને મારી નાખી છે' આક્ષેપ બાદ ડખ્ખો, પરિણીતાના કૌટુંબિક ભાઇને માર માર્યાનો આરોપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના પરસાણાનગરમાં રહેતી અને છ મહિના પૂર્વે જ પરણેલી પરિણીતાનું બિમારી સબબ મોત નીપજતાં સિવિલ હોસ્પિટલ ખાતે પિયર પક્ષ દ્વારા તમે મારી દિકરીને મારી નાખી છે તેવો આક્ષેપ કરતા પિયર અને સાસરીયા પક્ષ વચ્ચે મારામારી થઈ હતી અને મૃતક પરિણીતાના કૌટુંબીક ભાઈને માર મારતા તેને સારવારમાં ખસેડાયો છે. મારામારીને પગલે પોલીસ બોલાવવી પડી હતી.





જામનગર રોડ પર પરસાણાનગર શેરી નં.૩માં રહેતી એકતા અક્ષયભાઈ વાઘેલા (ઉ.વ.૨૯) નામની પરણીતાનું સવારે વાલ્વની બિમારી સબબ બેભાન થઈ જતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા મોત નીપજ્યું હતું.

બનાવની જાણ થતા મૃતક એક્તાબેનના પરિવારજનો સિવિલ હોસ્પિટલ ખાતે ઇમરજન્સી વોર્ડમાં દોડી આવ્યા હતા. જ્યાં એક્તાબેનના પિયર પક્ષ દ્વારા સાસરીયાઓ ઉપર તમે મારી દિકરીને મારી નાખી છે તેવો આક્ષેપ કરતા બંને પક્ષ વચ્ચે બોલાચાલી થઈ હતી. દરમિયાન મૃતક એક્તાબેનના પતિ અક્ષય કાળુભાઈ, તેના પિતા કાળુભાઈ અને ભાઈ લખને એક્તાબેનના કૌટુંબીક ભાઈ રાજ સુરેશભાઈ જાળા (ઉ.વ.૨૫ રે.નવા થોરાળા)ને ઢીકાપાટુનો માર મારતા તેને સારવાર માટે દાખલ કરાયો હતો. સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં મારામારીની ઘટનાને પગલે પોલીસ બોલાવવામાં આવી હતી. આ અંગે પ્રનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


# ગેમઝોનને પોલીસે એનઓસી વગર મંજુરી આપ્યાનો લાયસન્સ બ્રાન્ચનો લેટર વાયરલ થયો

## પોલીસ તંત્ર દ્વારા અન્ય સરકારી વિભાગોને નકલ રવાના કર્યાનો ઉલ્લેખ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં મોતના માંચડા સમાન ગેમઝોનને પોલીસ વિભાગે આપેલા પીળા પરવાના સમાન લાયસન્સનો પત્ર સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે જો કે આ મંજુર થયેલ લાયસન્સની નકલ ફાયર વિભાગ, માર્ગ અને મકાન વિભાગ તેમજ જીએસટી વિભાગને પણ નકલ રવાના કરી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

જાહેર આનંદ પ્રમોદની જગ્યાઓમાં દાખલ થવા માટે ટીકીટ કે પાસ વેચવાનું અથવા વેચાણ માટે રાખવાનું લાયસન્સ મેળવવા ૨૧ નવેમ્બર ૨૦૨૩ના રોજ અરજદાર યુવરાજસિંહ હરીસીંહ સોલંકી દ્વારા અરજી કરવામાં આવી હતી રેસવે



એન્ટરપ્રાઈઝના નામે આવેલ અરજી સંદર્ભે અધિનિયમ કલમ ૧૩૧ (બી) (૨) હેઠળ આધીન રહીને લાયસન્સ આપવામાં આવેલ જેમાં ધંધાની જગ્યાનું બુકિંગ, ઓફિસનું સ્થળ તથા વર્ણન લાયસન્સમાં જણાવેલ શરતો નિયંત્રણને આધિન રહીને લાયસન્સ આપવામાં આવેલ જેમાં એન્ટ્રી પાસ, ગો-કાર્ટ, બંજી જમ્પિંગ, રૉકેટ ઈન્જેકટર, સ્નો પાર્ક, ઝીપ લાઈન કોસ્ટર, હુમન ગારો, જાઈન્ટ સ્વીંગ, સોફ્ટ પ્લે, મિરર મેઝ, લેઝર મેઝ, આર્ચરી, શુટિંગ, પેન્ટ બોલ, બોલિંગ, ટ્રેમપોલાઈન, આર્કેડ ગેમ્સ, ક્રિકેટ, પૂલ ટેબલ, વીઆર ગેમ્સ અને હોરર ગેમ્સનો સમાવેશ થાય છે જે તમામની સામે જુદા જુદા દર દર્શાવતું લાયસન્સ વાયરલ થયું છે.

# આનંદ બંગલા ચોક પાસે શોર્ટ સર્કિટના કારણે બેંકમાં આગ ભભુકી: નાસભાગ

## કોટક મહિન્દા બેંકમાં લાગેલી આગ ફાયર બ્રિગેડના જવાનોએ બે કલાક જહેમત ઉઠાવી કાબુ મેળવ્યો: સદનસીબે કોઈ જાનહાની ન થઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના આનંદ બંગલા ચોકમાં આવેલી કોટક મહિન્દ્રા બેંકમાં આગ ભભુકી ઉઠતા નાશભાગ મચી જવા પામ્યો હતો. ફાયરને જાણ કરાતા સ્ટાફ દોડી ગયો હતો. અને આશરે બે કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવતા મોટી જાનહાનિ ટળી હતી. વિગતો મુજબ ફાયર બ્રિગેડની ટીમને







બોપરના સમયે આનંદ બંગલા ચોકમાં આવેલી કોટક મહિન્દ્રા બેંકના સિક્યુરીટી ગાર્ડ મંગળભાઈએ આગ લાગી હોવાની જાણ કરી હતી જેથી મવડી ફાયર સ્ટેશનથી સ્ટેશન ઓફિસર જુણેજા, જયેશભાઈ, અનિલભાઈ, અજયભાઈ મકવાણા, નિલેશભાઈ પરમાર, ગીરીરાજસિંહ વગેરે દોડી ગયા હતા. આગ બેંકના ઉપરના ભાગે સર્વર રૂમમાં ચેન્જર ઓવર સ્વીચમાં લાગી હતી અને ફાયર એબીસી પાવડર તથા સીઓ- ૨ની મદદથી બે કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ આગમાં જનરેટર કેબલ આસપાસના ઇલે. બોર્ડ, વાયરીંગ સહિતને નુકસાન થયું હતું. અને આ આગ શોર્ટસર્કિટના કારણે લાગી હોવાનું બહાર આવ્યું હતું.

# અગ્નિકાંડની ઘટનામાં કમિશનર સહિત ૧૩ અધિકારી સામે ગુનો દાખલ કરવા કોર્ટમાં અરજી

## વકિલ વિનેશ છાયાએ અરજી કરતા કોર્ટે માન્ય રાખી આ મામલે ૨૦ જુને વધુ સુનાવણી કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટીઆરપી ગેઈમ ઝોન અગ્નિકાંડની દૂર્ઘટના બાદ સરકાર દ્વારા પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, એડિશનલ પોલીસ કમિશનર વિધિ ચૌધરી, ડીસીપી સુધીરકુમાર દેસાઈ અને મ્યુ.કમિશનર આનંદ પટેલની તાત્કાલિક હકાલપટ્ટી કરવામાં આવી છે તો બે પીઆઈ સહિત સાત લોકોને સસ્પેન્ડ કરાયા છે.

આ મામલે હવે પોલીસ કમિશનર સહિત ૧૩ લોકો સામે ગુનો દાખલ કરવા એડવોકેટ વિનેશ છાયાએ કોર્ટમાં અરજી કરતાં તેને માન્ય રાખવામાં આવી હોવાનું અને આ મામલે ૨૦ જૂને વધુ સુનાવણી થનાર હોવાનું જાણવા મળી રહ્યું છે.

વિનેશ છાયાએ ગુનો દાખલ કરવાની અરજીમાં જણાવ્યું છે કે પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, મ્યુ.કમિશનર આનંદ પટેલ, એડિશનલ સીપી વિધિ ચૌધરી, ડીસીપી સુધીર દેસાઈ ઉપરાંત પીઆઈ વી.આર.પટેલ, એન.આઈ. રાઠોડ, ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેર, ડે. ચીફ ફાયર ઓફિસર ભીખાભાઈ જીવાભાઈ ઠેબા સહિતના ૧૩ લોકો દ્વારા પોતાની ફરજમાં અક્ષમ્ય બેદરકારી રાખવામાં આવી હોવાથી તેમની સામે ગુનો દાખલ કરવો જોઈએ. કોર્ટ દ્વારા આ અરજી માન્ય રાખવામાં આવી છે ત્યારે હવે આગલી સુનાવણીમાં કેવો આદેશ આપવામાં આવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

# બે મહિના પહેલાં જ પ્રભુતામાં પગલાં માંડનાર દંપતિ સહિત ત્રણ અગ્નિકાંડમાં હોમાયા

## વેરાવળનું દંપતિ મેરેજ સર્ટી લેવા આવ્યા બાદ સાળી સાથે યુવાન અને તેની પત્ની ગેમઝોનમાં ગયા'તા: મૃતદેહ વેરાવળ પહોંચતા પરિવારમાં કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગેમઝોનનાં ગોઝારા અગ્નિકાંડમાં ભોગ બનેલા દંપતીનાં મૃતદેહ વેરાવળ પહોંચતા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હજુ બે માસ પહેલા આ યુવકનાં રાજકોટની યુવતી સાથે લગ્ન થયા હતા જેથી પત્નીને તેડવા તથા મેરેજ સર્ટિફિકેટ લેવા માટે રાજકોટ આવ્યો હતો ત્યારે પત્ની તથા સાળી સાથે ગેમઝોનમાં ફરવા ગયો હતો. વિધીની વક્રતા કહો કે યુવકને મેરેજ સર્ટિફિકેટ તો ન મળ્યુ પરંતુ પરિવારને પુત્રનું ડેથ સર્ટિફિકેટ મળ્યુ હતુ.



વેરાવળના નવદંપતી વિવેક અશોકભાઈ દુસારા અને તેના પત્ની ખુશાલીના મૃતદેહ તા.૨૮ની રાત્રિનાં વેરાવળ ખાતે આવી પહોંચતા જ સમગ્ર વિસ્તારમાં અને પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. પોતાના પુત્રના અવસાનથી અજાણ મૃતક વિવેકની માતાને સમાચાર મળતા જ હતપ્રભ બની ગયા હતા. પરિવારમાં કાળજુ કંપાવી દે તેવા દ્રશ્યો સર્જાયા હતા. વિવેકનીની નાની બહેન પણ કલ્પાંત કરી રહી હતી 'મારો વીરો મને છોડીને ચાલ્યો ગયો.'

રાજકોટ ખાતે ટીઆરપી ગેમ ઝોનમાં ગત શનિવારે સર્જાયેલા ગોઝારા અગ્નિકાંડમાં ૨૭ જિંદગીઓ જીવતી ભુંજાઈ ગઈ હતી અને આ હતભાગીઓમાં વેરાવળના ધોબી યુવક વિવેક અશોકભાઈ દુશારા અને તેના પત્ની ખુશાલી વિવેક દુશારાનો પણ સમાવેશ થાય છે. ચાર દિવસ બાદ ડીએનએ રિપોર્ટ આવ્યા બાદ બંન્ને પતિ-પત્નીના મૃતદેહ પરિવારને સોંપવામાં આવતા મોડી રાત્રીના મૃતદેહો વેરાવળ ખાતે લાવવામાં આવ્યા હતા. આ ઘટનાની કરૂણતા એ છે કે મૃતક વિવેકના હજુ બે માસ પૂર્વે જ રાજકોટની ખુશાલી મોડાસીયા સાથે લગ્ન થયા હતા. લગ્નજીવન હજુ શરૂ થયુ જ ત્યાં નવયુગલનું અકાળે અવસાન થયુ છે.

# ગોકુળનગરમાં પિતાના અવસાન બાદ વિયોગમાં પુત્રએ કર્યો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સંતકબી રોડ ઉપર આવેલા ગોકુલનગરમાં રહેતા યુવાને ૧૫ દિવસ પહેલા અવસાન પામેલા પિતાના વિરહમાં ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધું હતું. એક સપ્તાહમાં એક જ પરિવારમાંથી બે સ્વજનોની અણધારી વિદાયથી પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી.

આ અંગેની માહિતી મુજબ સંત કબીર રોડ ઉપર આવેલા ગોકુલનગરમાં રહેતા રાહુલ રાઘનભાઈ હુંબલ નામનો ૨૫ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે બપોરના સાડા ત્રણેક વાગ્યાના અરસામાં ઝેરી દવા પી લીધી હતી. યુવાનને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં યુવકની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરતાં થોરાળા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક રાહુલ હુંબલ બે ભાઈ એક બહેનમાં નાનો હતો અને ડ્રાઇવિંગ કામ કરી પરિવારને આર્થિક મદદ કરતો હતો ગત તા.૧૪ ના રોજ તેના પિતા રાયધનભાઈ હુંબલનું બીમારી સબબ અવસાન થયું હતું પિતાના મૃત્યુના આઘાતમાં રાહુલ હુંબલે ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધું હોવાનું જાણવા મળ્યું છે આ બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વેપારીએ દર્શન પાર્કના ગોડાઉનમાં ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

## આંબેડકરનગર અને નવા થોરાળામાં બે યુવાનોએ જીવન ટુંકાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના આજી જીઆઈડીસી આંબેડકરનગરમાં રહેતા નરેશભાઈ લાલજીભાઈ રાઠોડ ઉ.વ૨૩ નામના યુવાને ઘરે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુ હતું પરિવારજનો બહારથી આવતા યુવાનનો લટકતો મૃતદેહ હાલતમાં જોઈ દેકારો મચાવતા લોકો એકઠા થઈ ગયા હતા ૧૦૮ની ટીમે મૃત જાહેર કરતા થોરાળા પોલીસના પીએસઆઈ એચ.કે. રાવલ સહીતના સ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી છે જયારે નવા થોરાળામાં રહેતા મનિષભાઈ ચંદુભાઈ વ્યાસ ઉ.૪૦એ ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો પત્ની બે પુત્રી સાથે વેકેશનમાં માવતરે ગયા હોઈ બાજુમાં રહેતી ભત્રીજી ઘરે આવતા કાકાને લટકતી હાલતમાં જોઈ ગભરાઈ જતાં લોકો એકઠા થઈ ગયા હતા ૧૦૮ની ટીમે જોઈ તપાસી મૃત જાહેર કરતાં થોરાળા પોલીસ મથકના પીએસઆઈ રાવલ સહીતના સ્થળે દોડી જઈ તપાસ કરતા મૃતક ત્રણ ભાઈ અને એક બહેનમાં નાના હતા કયાં કારણોસર આ પગલું ભર્યુ તે અંગે તપાસ હાથ ધરી છે તેમજ સાધુ વાસવાણી રોડ પર દર્શન પાર્કમાં રહેતા પ્રવિણભાઈ ગોંવિદભાઈ સરવૈયા ઉ.૫૨એ ગઈકાલે જલારામ- ૪માં આવેલા હાર્ડવેરના ગોડાઉનમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો બનાવની જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ મથકના જમાદાર રવિભાઈ વાસદેવાણી સહીતે દોડી જઈ તપાસ કરતાં બિમારીથી કંટાળી આપઘાત કરી લીધાનું જાણવા મળ્યુ છે આધેડના મોતથી પુત્ર-પુત્રીએ પિતાનું છત્ર ગુમાવ્યું છે.

# રાજકોટના બ્રોકર સામે નોઈડાના શખ્સે કરી રૂા.નવ લાખની છેતરપિંડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર હરસિદ્ધિધામ સોસાયટીમાં રહેતા અને કાર બ્રોકરનું કામ કરતા વત્સલ સુરેશભાઈ કાપડી ઉ.૨૮એ ઉતરપ્રદેશ નોઇડાના મનોજ ચૌહાણ સામે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ૮.૮૫ લાખની છેતરપીંડી અંગે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૩ના વોટ્સઅપ ચેનલ આવેલ જે મારફ્ત મનોજ સાથે સંપર્ક થયો હતો મારા ગ્રાહક બાદલભાઈ રાજુભાઈ બારાને થાર ગાડી ખરીદવી હોય મનોજને વાત કરતા તેણે ૧૩.૪૦ લાખમાં ગાડી અને ડીલીવરી કરાવી આપવા માટે ૬૦ હજારની માંગ કરી હતી જેથી જુદા જુદા સમયે કટકે કટકે પૈસા ટ્રાન્સફર કર્યા હતા

તેણે જમ્મુ કાશ્મીરની એક કંપનીમાં બુકિંગ કરાવ્યું હોવાનું કહી એક સપ્તાહમાં ડીલીવરી અપાવી દેશે તેવું જણાવતા ૯ લાખ ટ્રાન્સફર કર્યા હતા બાદમાં ૧૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ડીલીવરી મળશે તેમ કહી ૧.૩૦ લાખ મોકલ્યા હતા શંકા જતા શોરૂમમાં તપાસ કરતા બુકિંગ પેમેન્ટ પેટે ૨૫ હજાર જ મળ્યા હોવાનું જાણવા મળ્યું હતું જેથી ફરી મનોજને ફોન કરતા પોતે ચેક આપ્યો હોવાનું કહ્યું હતું તપાસ કરતા ચેક પણ બાઉન્સથયાનું અને ખાતું પણ બંધ થઇ ગયાનું જાણવા મળ્યું હતું અરજી આપતા ૧૩.૪૦ લાખમાંથી ૪.૫૫ લાખ ખાતું ફ્રીજ કરાવીને પરત મેળવી લીધા હતા બાકીના પૈસા નહી મળતા ફરિયાદ નોંધાવતા જમાદાર દીપક પંડિતે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# વેલનાથ જયંતિ નિમીતે અષાઢી બીજે ભવ્ય શોભાયાત્રાની તૈયારી સંદર્ભે સમિતિની રચના

## પ્રમુખ તરીકે દેવાંગભાઈ કુકાવા, મહામંત્રી તરીકે દિપકભાઈ બાબરીયા અને ઈન્ચાર્જ તરીકે દેવભાઈ કોરડીયાની વરણી કરવામાં આવી

**મુખ્ય સમાચાર રાજકોટ**

સંતશ્રી વેલનાથ જયંતી ઉત્સવ સમિતિના પ્રમુખ તરીકે દેવાંગભાઈ કુકાવા, મહામંત્રી તરીકે દિપકભાઈ બાબરીયા અને ઈન્ચાર્જ તરીકે દેવભાઈ કોરડીયા ની વરણી કરવામાં આવી છે. સંતશ્રી વેલનાથ જયંતિ ઉત્સવ નિમીતે અષાઢી બીજના દિવસે ૭ જુલાઈએ ભવ્ય શોભાયાત્રાના આયોજનની તૈયારી ના ભાગરૂપે ચુંવાળીયા કોળી વિદ્યાર્થી ભુવન ૪-લાખાજીરાજ ઉદ્યોગ નગર, ચુનારાવાડ, નોંધણી કરવામાં આવશે. આ વર્ષે શોભાયાત્રામાં વધુમાં વધુ સંખ્યામાં ફોરવ્હીલ એકત્રિત થાય સૌથી વિશાળ સંખ્યામાં બહેનો જોડાય તેવા




અમારા પ્રયાસ છે. સંતશ્રી વેલનાથ જયંતિ રથયાત્રાનું આયોજન રાજકોટ શહેર માં છેલ્લા ૨૪ વર્ષથી કરવામાં આવે છે. તો વર્ષે આ અદભુત શોભાયાત્રાના ૨૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા હોય સમાજની વિવિધ સંસ્થાના આગેવાનો સાથે મળીને સિલ્વર જ્યુબેલીની ઉજવણી તરીકે અવસર ઉજવાશે. આ વર્ષે રથયાત્રા સવારે ૯.૦૦ કલાકથી રાજકોટ બહુમાળી ચોકથી પ્રસ્થાન થશે તેની જ્ઞાતિજનોએ ખાસ નોંધ લેવી. ૨૫ મી શોભાયાત્રાની ઐતિહાસિક સફળતા મળે તેના માટે રાજકોટ શહેર તાલુકામાં ચાલતા કોળી સમાજના વિવિધ મંડળો, ગ્રુપોને તન મન ધનથી સહકાર આપવા અમારો અનુરોધ છે. વિશેષ માહિતી માટે મો.૯૦૩૩૫૧૮૯૦૯ ઉપર સંપર્ક કરી શકાશે.

# અગ્નિકાંડમાં પત્રકારોના વેધક સવાલોથી ભાજપીઓ ગેંગેફેંફે

## કમલમ ખાતે ભાજપના આગેવાનોએ મીડિયાને આમંત્રિત કર્યા બાદ પત્રકારોએ સાંસદ રામભાઈને સવાલો કરતા પકડાયા, ચાલતી પકડીઃ મેયર નયનાબેન પેઢડીયા કોઈ સવાલના જવાબ આપવાના બદલે એક્ટીવામાં બેસી ભાગી ગયા






(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડમાં ૨૮ માનવજિંદગી હોમાય ગયાની ઘટના બાદ સમગ્ર ગુજરાતમાં અરેરાટી પ્રસરી જવા પામી છે. ત્યારે ભાજપના નેતાઓએ કમલમ ખાતે પત્રકારોને આમંત્રિત કરી લોકસભાની ચૂંટણીના પરિણામોની ઉજવણી નહીં કરવા અંગે વિગતો આપવા પત્રકાર પરિષદ બોલાવવામાં આવી હતી. પત્રકારોએ રાજકોટના સળગતા ગેમ ઝોનના મામલે સવાલો ઉઠાવતા રૂપાલા, મેયર, સાંસદ શહેર પ્રમુખ સહિતના આગેવાનો મુંજવણમાં મૂકાય ગયા હતા. જ્યારે ભાજપના પદાઅધિકારીઓને પત્રકારોએ પૂછ્યું હતું કે, આ અગ્નિકાંડમાં લાશો પાસે બેસી અને શું કરતા હતા. રાજકોટની પ્રજા જવાબ માંગે છે. તેવા સવાલો કરવામાં આવતા પદાઅધિકારીઓએ ચાલતી પકડી લીધી હતી. રામભાઈ મોકરીયાએ પકડાયને જવાબ આપવાના બદલે ભાગી ગયા હતા. જયારે મેયર નયનાબેનને પત્રકારોએ સવાલ કરતા તેઓએ જવાબ આપવાને બદલે એક્ટીવામાં બેસી ચાલતી પકડી લીધી હતી.

## મીડિયાથી ભાગેલા ભાજપી નેતાઓ લાજવાના બદલે હસતા જોવા મળ્યા !

ગઈકાલે શહેરના કમલમ ખાતે ભાજપ ારા પત્રકાર પરિષદ યોજાઈ હતી. ફક્ત પોતાની વાહવાહ થાય અને ફોટા છપાય તેમાં માહિર સત્તા લાલચુ નેતાઓ ટીઆરપીમાં થયેલા અગ્નિકાંડની જવાબદારીમાંથી પોતાને બચાવતા નજરે પડયા હતા. આટલુ ઓછુ હોય તેમ પાંચ દિવસ પહેલા રાજકોટમાં બનેલી કરૂણાંતીકાનો મલાજો જાળવવાને બદલે પરસ્પર ખી ખી કરતા જોવા મળ્યા હતા.




# ટીઆરપી ગેમઝોનમાં ઈમરજન્સી એક્ઝીટ નહીં હોવાને કારણે મોતનું તાંડવ ખેલાયુંઃ SITના રિપોર્ટમાં ધડાકો

## કોર્પોરેશન, પોલીસ તંત્ર, માર્ગ–મકાન વિભાગની બેદરકારી જવાબદારઃ નાનકડી જગ્યામાં લોખંડની ૫ ફૂટની સીડી પરથી જ પ્રથમ માળે જવાતુ હતું

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

રાજકોટમાં ૨૭ લોકોનો ભોગ લેનારા ટીઆરપી ગેમઝોનના અગ્નિકાંડ વિશે તપાસ માટે રચાયેલી ‘સીટ’ દ્વારા પ્રાથમીક તપાસ રિપોર્ટ સોંપી દેવામાં આવ્યો છે. ઈમરજન્સી એક્ઝીટ ન હોવાના કારણોસર જે લોકો બહાર ન નીકળી શક્યા અને જીવતા ભુંજાયા હોવાનો ચોંકાવનારો નિર્દેશ કરવા સાથે વિવિધ વિભાગોની બેદરકારી–લાપરવાહીનો નિર્દેશ કરવામાં આવ્યો છે.




સીટના તપાસ અહેવાલ પ્રમાણે એન્ટ્રી–એક્ઝીટ અલગ રાખવાના નિયમનો ભંગ હતો. ગેમઝોનમાં આવતા લોકોને પ્રવેશ માટે નાનકડી જગ્યા હતી. જયારે કોઈ ઈમરજન્સી એક્ઝીટ ન હતી. નેશનલ બિલ્ડીંગ કોડ તથા ફાયરસેફ્ટી નિયમોનો ખુલ્લો ભંગ કરવામાં આવ્યો હતો. તપાસમાં એવુ પણ માલુમ પડયુ છે કે, ગેમઝોનમાં નવો સ્નોપાર્ક બનાવવામાં આવી રહ્યો છે અને તેને અનુરૂપ બાંધકામ માટે વેલ્ડીંગ થતુ હતું. જેના તણખાથી આગ લાગી હતી. ગેમઝોનમાં મોટીમાત્રામાં જવલનશીલ ચીજો–પદાર્થ હોવા છતાં વેલ્ડીંગ કામ કરવામાં આવ્યુ હતું અને જોખમની અવગણના કરવામાં આવી હતી. વેલ્ડીંગ સ્થળે જ કોરૂગેટેડ બોક્સ અને ટાયરો હતા તેમાં સરળતાથી આગ લાગી શકતી હોય છે.સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ)ના વડા સુભાષ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ગેમઝોનમાં 30 લીટર પેટ્રોલ હતું તે નિયત મંજુરીથી વધુ હતું. આમાં જવાબદારો સામે પેટ્રોલીયમ એક્ટ હેઠળ પણ કાર્યવાહી થશે. ગેમઝોનમાં રેસ્ટોરાં તથા સૂચિત સ્નોપાર્ક વચ્ચે નાનકડી જગ્યામાં ૪–૫ ફુટની લોખંડની સીડી રાખવામાં આવી હતી તેના પરથી પ્રથમ માળે જવાતુ હતું. પ્રથમ માળમાં બોલીંગ ગેમ તથા ટ્રેમ્પોલાઈન પાર્ક હતા. આગમાં આખુ સ્ટ્રકચર આવી ગયુ હતું પરંતુ પ્રથમ માળે પહોંચવાનું કે ત્યાંથી નીચે આવવાનું અશકય બની ગયુ હતું. આગ જેવી દુર્ઘટનાઓ માટે કોઈ નિયમ સુવિધા ન હતી. ફાયર હાઈડ્રન્ટ સીસ્ટમ હતી પરંતુ તેમાં પાણીનું જોડાણ ન હતુ એટલે આગ વખતે તે ઉપયોગમાં આવી શકે તેવી સ્થિતિ ન હતી. એકમાત્ર ફાયર એકટીંગ્યુસર રસોડામાં હતું અને રસોડુ પણ માર્ગ મકાન વિભાગના નિયમોનો ભંગ કરીને બનાવવામાં આવ્યુ હતું.

# આડેધડ ઉભા થયેલા ગેમઝોન અને હોટલોમાં જરૂરી દસ્તાવેજોની તપાસ કરવામાં આવે

## શહેર કોંગ્રેસે આજે પોલીસ કમિશનરને આવેદનપત્ર પાઠવ્યું



(તસ્વીરઃ આનંદ જાવિયા)

શહેરમાં આડેધડ ઉભા થયેલા ગેમઝોન અને ખાણીપીણીની હોટલો પાસે દસ્તાવેજો અને લાઈસન્સ છે કે, કેમ ચકાસણી કરવા આજે શહેર કોંગ્રેસના અગ્રણીઓ ારા પોલીસ કમિશનરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં જણાવ્યું હતું કે તંત્રની મીઠી નજર હેઠળ કામચલાઉ સ્ટ્રક્ચર ઉભા થઈ ગયા છે. આ તમામ એકમોમાં પોલીસતંત્ર જરૂરી દસ્તાવેજો તેમજ લાઈસન્સની ચકાસણી કરે જો નિયમો અનુસાર ન હોય તો ગુનો નોંધવામાં આવે તેમ અંતમાં જણાવાયું હતું.

# ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત વીજ ડિમાંડ ૨૫૦૦૦ મેગાવોટને પાર

## સૌરાષ્ટ્ર–કચ્છમાં સૌથી વધુ વપરાશ નોંધાયોઃ રાજ્યમાં છેલ્લા કેટલાંક દિવસથી પડી રહેલાં હીટવેવને કારણે વીજ વપરાશ વધ્યો

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત સહીત દેશનાં અનેક રાજયો હીટવેવનો સામનો કરી રહ્યા છે અને વીજ ડીમાંડમાં અસામાન્ય વધારો થયો છે. ગુજરાતનાં ઈતિહાસમાં વિજ ડીમાંડ પ્રથમ વખત ૨૫૦૦૦ મેગાવોટને પાર થઈ છે.

રાજયમાં છેલ્લા ૧૨ દિવસથી હીટવેવની હાલત છે અને અમદાવાદ, રાજકોટ, સુરેન્દ્રનગર, સહીતના શહેરોમાં તાપમાનનો પારો ૪૫ ડીગ્રીને પાર થઈ રહ્યું છે.સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટરનાં રીપોર્ટ પ્રમાણે બપોરે ત્રણ વાગ્યે વિજ ડીમાંડ ૨૫૦૮૯ મેગાવોટનાં સર્વોચ્ચ સ્તરે પહોંચી હતી. આ વખતે રાજયના અમુક ભાગોમાં તાપમાન ૪૫ ડીગ્રી હતું.

વિજ તંત્રનાં સુત્રોએ કહ્યું કે, ભીષણ



ગરમીને કારણે ઘર વપરાશ તથા કૃષિ વીજ ડીમાંડમાં મોટો વધારો થયો છે.ઉંચા તાપમાનમાં ઔદ્યોગીક વિજમાંગ પણ વધી જતી હોય છે. કેટલાંક દિવસોથી રાત્રીનું તાપમાન પણ વધી ગયુ છે. પરિમાણે વીજળીની રાત્રીમાં પણ ડીમાંડ વધુ છે. હવામાન વિભાગનાં રીપોર્ટમાં દર્શાવાયું જ હતું કે રાજયમાં ન્યુનતમ તાપમાન પણ 30 ડીગ્રીથી વધુ રહે છે.

ગુજરાત ઉર્જા વિજ નિગમ નિયમનાં સુત્રોએ કહ્યુ કે, બપોરે ત્રણ વાગ્યે વિજ ડીમાંડ ૨૫૦૮૯ મેગાવોટ થઈ હતી. તેમાં પીજીવીસીએલનો હિસ્સો ૨૮ ટકા, ઉતર ગુજરાત વીજ કંપનીનો ૨૪ ટકા, દક્ષિણ ગુજરાત વિજ કંપનીનો ૨૧ ટકા તથા મધ્ય ગુજરાત વિજ કંપનીનો ૧૧ ટકા રહ્યો છે. તેઓના કહેવા પ્રમાણે કૃષિક્ષેત્રને પણ દિવસન સમયે વીજળી આપવાની નીતિ લાગુ કરવામાં આવી હોવાથી દિવસની વિજ ડીમાંડમાં વધારા પાછળનુ આ પણ એક મોટુ કારણ છે. તંત્ર દ્વારા વિજ એકમોમાં શટડાઉન નહીં રાખીને પુરતા પ્રમાણમાં વિજળી ઉત્પન્ન કરવામાં આવી રહી છે. રાજયમાં મહતમ તાપમાનમાં વધારો થવાનું ચાલુ રહેશે તો વિજ ડીમાંડનો નવો રેકોર્ડ સર્જાઈ શકે છે.

ગત વર્ષે ઉનાળા બાદ સપ્ટેમ્બરમાં ૨૪૫૪૦ મેગાવોટ વિજ ડીમાંડનો રેકોર્ડ સર્જાયો હતો. ગુજરાતમાં આ પૂર્વે ૬ મેના રોજ વિજ ડીમાંડ ૨૪૧૧૧, ૯ મેના રોજ ૨૪૦૮૯ મેગાવોટ તથા ૧૧ મેના રોજ ૨૪૪૬૦ મેગાવોટ પર પહોંચી હતી.

# મેઘરાજાના કેરળના કાંઠે દસ્તકઃ ચેરાપુંજીમાં ૨૬ ઈંચ વરસાદ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સમગ્ર દેશમાં ગરમીનું કાળઝાળ મોજુ ફરી વળ્યું છે અને આ વર્ષે અનેક વિસ્તારોમાં ગરમીએ રેકોર્ડ પણ તોડયો છે ત્યારે હવે ચોમાસુ કેરળથી વધુ નજીક આવ્યાના સંકેત મળ્યા છે. કેરળનું કોચી શહેર ભારે વરસાદથી પાણી પાણી થયું છે. તો ચેરાપુંજીમાં ૨૬ ઇંચ વરસાદ વરસી ગયો છે.

ભારે ગરમી વચ્ચે આ વખતે ચોમાસુ વહેલુ અને સારૂ રહેવાની આગાહી કરવામાં આવી છે. દિલ્હી સહિત પૂરા ઉતર ભારતમાં આકાશમાંથી અગ્નિ વરસે છે, લુ એ લોકોનું જીવવું મુશ્કેલ કરી દીધું છે. તે દરમ્યાન હવામાન વિભાગે



આ એ ઠંડક ભરી માહિતી જારી કરી છે. આઇએમડીના જણાવ્યા મુજબ દક્ષિણ–પશ્ચિમ મોન્સુન પૂર્વાનુમાન મુજબ ૧ જુનથી એટલે કે બે દિવસ પહેલા કેરળના કાંઠા સુધી પહોંચ્યુ છે. આજે ચોમાસાનું આગમન સત્તાવાર રીતે થઇ શકે છે.

# દેશના GDPમાં ઓટોમોટિવ સેક્ટરનો હિસ્સો 30 વર્ષમાં અઢી ગણો વધ્યો

## ઓટોમોટિવ સેક્ટરનો હિસ્સો ઝડપી વધી ૭.૧ ટકા પર નોંધાયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય અર્થતંત્રમાં ઓટોમોટીવ સેક્ટર ઝડપી વૃદ્ધિ દર્શાવતાં ક્ષેત્રોમાંનું એક બની રહ્યું છે. આર્થિક ઉદારીકરણની શરૂઆતથી અત્યાર સુધીની વાત કરીએ તો ભારતના જીડીપીમાં ઓટોમોટીવ સેક્ટરનો હિસ્સો લગભગ અઢી ગણો વધ્યો છે. ૧૯૯૨માં માત્ર ૨.૮ ટકા હિસ્સા સામે ફેબ્રુઆરી–૨૦૨૩માં ઓટોમોટીવ સેક્ટરનો હિસ્સો જીડીપીના ૭.૧ ટકા પર નોંધાયો હતો એમ એસબીઆઈ મ્યુચ્યુલ ફંડના ડીએડી અને જોઈન્ટ સીઈઓ ડીપી સિંઘ જણાવે છે.

ઓટોમોટીવ સેક્ટરની ઝડપી વૃદ્ધિને કારણે સ્થાનિક વેચાણના સંદર્ભમાં વૈશ્વિક સ્તરે ભારત ચોથા ક્રમનું સૌથી મોટું ઓટોમોબાઈલ માર્કેટ પણ બન્યું છે. ઓટોમોબાઈલ ઉત્પાદનની રીતે ભારત વિશ્વમાં ત્રીજો ક્રમ ધરાવે છે. જ્યારે




મેન્યૂફેક્ચરિંગ GDPમાં ઓટોમોબાઈલ ૪૫ ટકાથી વધુ હિસ્સો દર્શાવે છે. સિંઘના મતે વધતી આવક, શહેરીકરણ પાછળ ઓટો વેચાણને વેગ મળી રહ્યો છે.

ભારતમાં હજુ પણ ઓટો ક્ષેત્ર ઊંચી વૃદ્ધિની તકો ધરાવે છે. કેમકે, પ્રતિ ૧૦૦૦ વ્યક્તિ કાર્સનું પ્રમાણ ભારતમાં માત્ર ૩૪ જેટલું છે. જે વૈશ્વિક સ્તરે ખૂબ નીચું છે. જેમકે, યુએસ ખાતે ૧૦૦૦ વ્યક્તિ દિઠ ૮૬૦ કાર્સ છે. ઈટાલીમાં ૭૫૬ કાર્સ, ફ્રાન્સમાં ૭૦૪ કાર્સ, યૂકેમાં ૬૩૨ કાર્સ, જર્મનીમાં ૫૮૩ કાર્સ છે. જ્યારે એશિયન હરીફોની વાત કરીએ તો જાપાન ૧૦૦૦ વ્યક્તિ દીઠ ૬૧૨ કાર્સ જ્યારે ચીન ૨૨૩ કાર્સ ધરાવે છે. ઓટોમોટીવ કોમ્પોનેન્ટ મેન્યૂ. એસો.ના મતે ૨૦૧૫–૧૬માં ૩૯.૦૫ અબજ ડોલર પરથી ઓટો કંપોનેન્ટ ઉદ્યોગનું ટર્નઓવર વધીને ૨૦૨૨–૨૩માં ૬૯.૭૦ અબજ ડોલર પર પહોંચ્યુ હતું.

પરંપરાગત બેંક લોન્સ ઉપરાંત મેન્યૂફેક્ચરર–સમર્થિત ફાઈનાન્સિંગ પ્રોગ્રામે વૈકલ્પિક ક્રેડિટ વિકલ્પ પૂરો પાડ્યો છે. ઓનલાઈન પ્લેટફોર્મ્સે એપ્લિકેશન પ્રોસેસમાં ક્રાંતિ આણી છે. જેણે ગ્રાહકો માટે વેહીકલ ફાઈનાન્સ મેળવવું સરળ બનાવ્યું છે. સરકારની ક્કઈ જેવી નીતિ હેઠળ ઓટો ઉદ્યોગ માટે ૩.૫ અબજ ડોલરનું બજેટ ફાળવવાયું છે. જે દેશમાં હાઈ–ટેક ઓટોમોટીવ પ્રોડક્ટ્સને તથા સમગ્ર ઓટો મેન્યૂફેક્ચરિંગ વેલ્યૂ ચેઈનને સપોર્ટ કરશે.

# મિઝોરમમાં મુશળધાર વરસાદ પડવાને કારણે ભૂસ્ખલન થતાં ૨૫ના મોતઃ ઘણા લોકો લાપતા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મિઝોરમમાં મંગળવારે (૨૮ મે) મુશળધાર વરસાદ પડવાને કારણે ભૂસ્ખલન થતાં અત્યાર સુધીમાં કુલ ૨૫ લોકોના મોત થયા છે, જ્યારે હજુ પણ ઘણા લોકો કાટમાળ હેઠળ દબાયેલા હોવાથી મત્યુઆંક વધવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. કાટમાળ નીચે દબાયેલા લોકોને શોધવા હાલ પુરજોશમાં બચાવ અભિયાન ચાલી રહ્યું છે. જોકે ભારે વરસાદને કારણે બચાવ કાર્યમાં પણ અવરોધ ઉભો થઈ રહ્યો છે.

મિઝોરમ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ આજે (૨૯ મે) સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, લાપતા થયેલા લોકોને શોધવા ઘણા સ્થળોએ પુરજોશમાં બચાવ અભિયાન ચાલી રહ્યું છે. કેટલાક



સ્થળોએ પથ્થરની ખાણ ધસી પડી છે, જેના કારણે મંગળવારે સવારે ઘણા ઘરો ધરાશાઈ થયા છે. ભૂસ્ખલનની સૌથી વધુ અસર આઈઝોલમાં થઈ છે અને ઘણા કલાકો સુધી તેનો સંપર્ક પણ તુટી ગયો છે. આઈઝોલ શહેરના મેલ્થમ અને હ્લિમેન વચ્ચેના વિસ્તારમાં પથ્થરની એક ખાણ ધસી ગઈ છે, જેમાં બે સગીર સહિત ઓછામાં ઓછા ૧૪ લોકોના મોત થયા છે, જ્યારે અન્ય આઠ લોકો લાપતા હોવાની વિગતો સામે આવી છે.

MSDMAએ કહ્યું કે, હાલ પુરજોશમાં બચાવ કામગીરી ચાલી રહી છે. ભૂસ્ખલનને કારણે ઘણા મકાનો અને શિબિરો ધરાશાઈ થયા છે. એક અધિકારીએ જણાવ્યું કે, હાલ રાજ્યમાં વાતાવરણ ઠીક છે અને વાદળછાયું વાતાવરણ છે. જોકે સવારથી વરસાદ બંધ થતા રાહત કાર્ય ઝડપી શરૂ કરી દેવાયું છે. આઈઝોલના કમિશનર નાજુક કુમારે મંગળવારે જણાવ્યું હતું કે, જ્યાં સુધી ઘટનાસ્થળને સંપૂર્ણ સાફ કરવામાં નહીં આવે, ત્યાં સુધી બચાવ અભિયાન ચાલુ રાખીશું.

આઈઝોલમાં ભારે વરસાદને કારણે વિવિધ વિસ્તારોમાં ભૂસ્ખલનની ઘટના બની છે. હંથરમાં નેશનલ હાઈવે–૬ પર ભૂસ્ખલનને કારણે આઈઝોલ દેશના અન્ય ભાગોથી છૂટુ પડી ગયું છે. વરસાદના કારણે હાલની સ્થિતિને જોતા તમામ શાળાઓ રજા જાહેર કરી દેવામાં આવી છે.